રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧–૭–૨૦૧૭
ક્રમાંક : રાચઆ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧(૪૦)–૭૨૦૧૭–ક.

રાજય ચૂંટણી આયોગના તા.૧૯–૧૧–૨૦૧૧ ના આદેશના ફકરા નં. ૪ હેઠળ

–: જાહેર નોટિસ :–

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩–ડ અને ૨૪૩–વ ક ની જોગવાઈ અનુસાર રાજય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજયની સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજય ચૂંટણી આયોગદ્વારા રાજયમાં યોજાતી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧–૧૧૨૦૧૧–ક, તા.૧૯–૧૧–૨૦૧૧ ના ફકરા–૪ માં નિર્દેશ પ્રમાણે નીચે જણાવેલ પક્ષ તરફથી નોંધણી માટે રાજય ચૂંટણી આયોગને અરજી મળેલ છે. જેનાં નામ સરનામા, પ્રમુખની વિગત નીચે પ્રમાણે છે :

| | | | |
|---|---|---|---|
| (૧) | પક્ષનું નામ | :– | જનસમુદાય પાર્ટી |
| (૨) | સરનામું | :– | ૫૭,પહેલે માળે,સ્ટેડીયમ હાઉસ,<br>સ્ટેડીયમ ચાર રસ્તા,<br>નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯ |
| (૩) | પક્ષના પ્રમુખનું નામ / સરનામું | :– | શ્રી ઈન્દ્રજીત બળદેવપ્રસાદ રાવલ<br>૩૮,બીજો માળ, પંકજ સોસાયટી,<br>ભઠ્ઠા,પાલડી,અમદાવાદ–૩૮૦૦૦૭ |

ઉપર્યુકત પક્ષે રાજય ચૂંટણી આયોગના તા.૧૯–૧૧–૨૦૧૧ ના આદેશથી નકકી કરેલ જરૂરિયાત પ્રમાણેની વિગતો રજૂ કરેલ છે. તદઅનુસાર રાજય ચૂંટણી આયોગે કેટલીક શરતો / નિયંત્રણો સાથે પક્ષને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે નોંધાયેલ **અમાન્ય રાજકીય પક્ષ** તરીકે નોંધણી કરવા વિચારેલ છે. તો આ પક્ષની નોંધણી કરવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ,રાજકીય પક્ષ, વ્યકિત કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે **આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં.૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર, ૩૮૨૦૧૦** ને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત દરમ્યાન જો કોઈ વાંધા, સલાહ,સૂચન મળશે તો

રાજય ચૂંટણી આયોગ તેની વિચારણા કરી, આગળની કાર્યવાહી કરશે. મુદત પૂરી થયા બાદ મળેલ વાંધા, સલાહ, સૂચન ધ્યાને લીધા સિવાય અથવા મુદત દરમ્યાન જો કઈ વાંધો, સલાહ, સૂચન મળેલ નહિ હશે તો રજૂઆત કરનાર પક્ષની નોંધણી કરવા માટે રાજય ચૂંટણી આયોગ નિર્ણય લેશે તેની સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

**રાજય ચૂંટણી આયોગના આદેશથી,**

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**પ્રમુખશ્રી,**
**જનસમુદાય પાર્ટી,**
**૫૭,પહેલે માળે,સ્ટેડીયમ હાઉસ,સ્ટેડીયમ ચાર રસ્તા,**
**નવરંગપુરા ,અમદાવાદ–૩૮૦૦૦૯**

**નકલ સવિનય રવાના :–**

- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાનાઃ–**

- કલેકટરશ્રી તમામ, આ જાહેર નોટિસ આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ, આ જાહેર નોટિસ આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
- સંયુકત કમિશ્નરશ્રી/નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી સર્વે/ મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી તમામ રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- નાયબ મામલતદારશ્રી તમામ,રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
- રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલા સર્વે રાજકીય પક્ષો

**નકલ રવાનાઃ–**

સંયુકત સચિવશ્રી(વહીવટ),રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
રાજય ચૂંટણી આયોગની કચેરીના નોટિસ બોર્ડ ઉપર મૂકવા સારૂ

**નકલ રવાના :–**

વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર
આ જાહેર નોટિસ આજની તારીખના અસાધારણ સરકારી રાજયપત્રમાં ભાગ–૪ સી માં પ્રસિધ્ધ કરવા અને ગેઝેટની ૧૦ નકલ આ કાર્યાલયને તાત્કાલિક મોકલવા વિનંતી સહ.